ગાંધીનગર સમાચાર

તા. ૧૧-૧૨-૨૦૧૪, ગુરુવાર

## તંત્રી સ્થાનેથી....

### શાંતિનું નોબેલ અને એના સૂચિતાર્થો

૨૦૧૪ના વર્ષનું શાંતિનું નોબેલ ભારતમાં બાળ કલ્યાણ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા મધ્યપ્રદેશના લોકસેવક કૈલાસ સત્યાર્થી અને તાલેબાનો સામે બાલિકાઓના શિક્ષણના હક માટે જીવના જોખમે ઝઝૂમનારી પાકિસ્તાની વીરબાળા મલાલા યુસુફઝાઇ વચ્ચે વહેંચાયું છે તેમાં બાળકોના ભવિષ્યની ચિંતા સાથે આ ભારતીય ઉપખંડનાં બે મહત્ત્વપૂર્વ રાષ્ટ્રોની ચિંતા પણ છતી થાય છે. એ દૃષ્ટિએ જોતાં આ નિર્ણયનો એક વિશિષ્ટ સૂચિતાર્થ પણ કાઢી શકાય એમ છે. તે એ કે ભારત-પાકિસ્તાનનું ભવિષ્ય એનાં બાળકોનાં હાથમાં જ સલામત છે, નહીં કે રાજકારણના ખેલંદાઓનાં. નોબેલ પારિતોષિકના નિર્ણાયકો આ બે દેશો વચ્ચે ચાલી રહેલી તંગદિલીથી વાકેફ જ હોય. એમને બહુ જાણીતી હસ્તીઓ કરતાં આ ઓછી જાણીતી છતાં નક્કર કામગીરી બજાવી રહેલી બે વ્યક્તિઓને સાથે સાંકળવામાં બેઉ દેશો વચ્ચે પ્રવર્તી રહેલી અશાંતિનો ઉકેલ વરતાયો હોય તે બનાવાજોગ છે. સર આલ્ફ્રેડ નોબેલની અઢળક સંપત્તિમાંથી અપાતા આ પારિતોષિકનું આવું પ્રતીકાત્મક અને સાંકેતિક મૂલ્ય પણ સમજવું જ રહ્યું. નેલસન મંડેલાને પણ શાંતિનું નોબેલ તત્કાલીન દક્ષિણ આફ્રિકાના ઉદારવાદી ગોરા રાષ્ટ્રપતિની સાથે ભાગમાં જ અપાયું હતું, તે યાદ છે ને? ઓસ્લો ખાતે આ પુરસ્કાર સ્વીકારવા પહોંચેલા કૈલાસ સત્યાર્થી અને મલાલાએ એમના સ્વાગત વખતે જે પારિવારિક ભાવના દર્શાવી તેની પણ આખી દુનિયાએ નોંધ લેવી જોઇએ. બાળકોને એમના વાજબી અધિકારો મળે એ માટે ભારત-પાકિસ્તાન સહિયારો પુરૂષાર્થ કરે તે જરૂરી છે. દુનિયામાં એક પણ બાળક અભણ રહે, અત્યાચાર, ભૂખમરા કે બાળ શોષણનો ભોગ બને કે એને પૂરતું પોષણ ન મળે ત્યાં સુધી આપણે સુસંસ્કૃત કે વિકસિત ન ગણાઇ શકીએ. સત્યાર્થીએ મલાલાને પોતાની દીકરી ગણીને એના બાપની જેમ લાડ લડાવ્યાં તો એના પ્રતિસાદ રૂપે વિચક્ષણ પાકિસ્તાની બાળાએ પણ એમને પોતાના અબ્બાજાન - 'માય ફાધર' કહી સૌના દિલ જીતી લીધાં. હિંન્દુસ્તાની બાપ અને પાકિસ્તાની બેટી કદાચ નોબેલ નિમિત્તે - પહેલી જ વાર મળ્યાં પરંતુ એમની વચ્ચે માટીની સગાઇ તો જુગજૂની છે. પાકિસ્તાન અખંડ ભારતનો જ એક ભાગ છે. ધર્મના નામે યુગપુરૂષ ગાંધીની કાકલૂદીને પણ અવગણીને દેશના ભાગલા થયા છે, પરંતુ એની પેલી માટીની સગાઇ થોડી મટી શકે? રાજકારણીઓ કરતાં સમાજ સેવકો પ્રજાનું અને પોતાના દેશનું વધુ સાચું પ્રતિનિધિત્વ કરી શકે છે, તે આ 'બાપ-બેટી'ના મીઠા વ્યવહાર અને એકમેક પ્રત્યેના સાચા સદ્‌ભાવથી સૂચિત થાય છે. નોબેલ ચયન સમિતિને મહાત્મા ગાંધીમાં પણ કદાચ એક રાષ્ટ્રવાદી રાજકારણી અને ચાતુર્વર્ણ્યમાં આસ્થા ધરાવતો રૂઢિચુસ્ત હિંદુ દેખાયો હશે. પરંતુ એની સામે આ ચયનસમિતિની વર્તમાન પેઢી એક મુસ્લિમ ઉદારવાદી અને અધિકારો માટે ઝઝૂમતી કિશોરીને માત્ર એની રૂઢિચુસ્ત સમાજમાં કન્યા કેળવણીની આ નાના પાયા પરની ઝુંબેશ માટે, આખું જગત લક્તપિત્તનાં દર્દીઓ પાછળ સમર્પિત કરનારાં 'સંત' મધર ટેરેસાની લગોલગ મૂકી શકે છે, અને એની સાથે ભારતના એક અજાણ્યા-બાળકલ્યાણ પ્રવૃત્તિ કરતા જનસેવકને જોતરી શકે છે, તેની પણ નોંધ લેવી જ રહી.

# કડી કૉલેજમાં સાંસ્કૃતિક કાર્યક્રમ આઈના અને મેગ્નેટ મેનેજમેન્ટ પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કૉલેજ ઓફ બિઝ્રેસ એડમિનિસ્ટ્રેશન ( બી બી એ ) નો ૧૪ મો રાજયસ્તર નો સાંસ્કૃતીક



તેમજ શૈક્ષણીક કાર્યક્રમ આઈના તેમજ ૫ માં મેનેજમેન્ટ -દર્શન મૅગનેટ નું શનીવારે સાંજે સમાપન થયુ આજ થી ૧૪ વર્ષ પહેલા નાં એક વિચાર થી શરૂ થયેલ સાંસ્કૃતીક સ્પર્ધા આજે સમગ્ર રાજય માં પોતાનુ આગવી



ઓળખ બનાવી ચૂકી છે. સમગ્ર રાજય નો કોઈ વિસ્તાર એવો નથી જયા આઈના કાર્યક્રમ ની સુવાસ પંહોચી ન હોય. આજે આ કાર્યક્રમ રાજયભર નાં શાળા નાં વિદ્યાર્થીઓ ને પોતાની કળા ને -દર્શિત કરવા માટે નું શ્રેષ્ઠ માધ્યમ બની ચૂકી છે. અને આ કાર્યક્રમ નાં વિજેતા બાળકો ને અંહી થી પોતાના જીવન માં શિક્ષણ સાથે સાથે અન્ય ક્ષેત્ર માં પણ આગળ્ વધવા ની -રણા મેળવે છે.

સમગ્ર રાજય માંથી આવેલા વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સ્પર્ધાઓ માં ભાગ લઈ કાર્યક્રમ ને એકદમ જીવંત બનાવી દીધો હતો. વિજેતાઓ દ્વારા




ખૂબ ઉત્સાહિત થઈ આયોજક કૉલેજ ને આવા કાર્યક્રમ માં ભાગ લેવા નો મોકો મળ્યા નો આભાર વ્યક્ત કરી વિજય નો આનંદ વ્યક્ત કર્યો હતો જયારે બાકીના સ્પર્ધકો ભવિષ્ય માં વધારે મહેનત કરી સફળતા -ાપ્ત કરવા નો વિશ્વાસ દર્શાવ્યો હતો. આટલી મોટી સંખ્યા માં વિદ્યાર્થીઓ ની હાજરી સંસ્થા માટે ગૌરવ ની બાબત બની છે. મેગ્નેટ મેનેજમેન્ટ -દર્શન કાર્યક્રમ ની પણ વિદ્યાર્થીઓ દ્વારા ખુબજ ઉત્સુકતા થી મુલાકાત લીધી હતી સાથે

● અનુસંધાન પાના ૭ પર

# ઉદ્‌ગમ ટ્રસ્ટ દ્વારા સેક્ટર-૩૦ની સરકારી પ્રાથમિક શાળાના બાળકોને સ્વેટરનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૧૦

ઉદગમ ટ્રસ્ટ દ્વારા વિશ્વ માનવ અધિકાર દિન નિમિત્તે સેક્ટર-૩૦ ની સરકારી -ાથમિક શાળાના બાળકોને સ્વેટર વિતરણ કરવામાં આવ્યું હતું. ઉદગમ મહિલા અને બાળવિકાસ માટે સતત -યત્નશીલ થઈને કાર્ય કરી રહ્યું છે. ઉદગમ ટ્રસ્ટ હરહમેશ ભારતના ભાવી નાગરિકના ઘડતર માટે -યાસો કરી રહ્યું છે. સંસ્થા દ્વારા -ોજેક્ટ ઉમંગ અંતર્ગત ગાંધીનગરની વિવિધ શાળાના વંચિત બાળકોને અભ્યાસમાં મદદરૂપ થવા સમયાનુસાર તેઓની જરીરુયાત મુજબ શૈક્ષણિક સામગ્રી જેવી કે નોટબુક, પેન્સિલ, રબર, સંચો, કલર, વગેરે પૂરી પાળે છે. જેથી આ વંચિત બાળકો સારું શિક્ષણ મેળવીને સારા નાગરિક બની શકે.

શિયાળાની ઠંડીથી રક્ષણ મેળવવુંએ માનવ અધિકારની દ્રષ્ટીએ મુખ્ય જરીરુયાતને ધ્યાનમાં રાખીને ઉદગમ ટ્રસ્ટ બાળકોને સ્વેટર વિતરણ -સંગે મા. મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા અને ગાંધીનગર (ઉત્તર)ના મા. ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલએ મેહમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત શાળાના બાળકોએ અભિનય ગીતથી કરી હતી. સેકટર-૩૦ ની સરકારી -ાથમિક શાળાના આચાર્ય કલ્પનાબેન દવેએ ઉદગમના શાળાના વિદ્યાર્થીઓના વિકાસ માટે કરવામાં આવતા -યાસોની માહિતી



પૂરી પડી હતી. ઉદગમના વુમન્સ વિગના માનદ ડાયરેકટર પરમજીતકોર છાબડાએ ઉદગમના ટ્રસ્ટની -વૃત્તિઓની માહિતી આપી ને સ્વાગત -વચન કર્યું હતું. ગાંધીનગરમા નવી પરંપરા નો ચીલો પાડતા મા. મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાનું સ્વાગત ઉદગમ ટ્રસ્ટના મેં. ટ્રસ્ટી ડો. મયુર જોશી અને ગાંધીનગર (ઉત્તર)ના મા. ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલનું સ્વાગત જાગૃતિબેન પટેલ દ્વારા નોટબુક આપીને કરવામાં આવ્યું હતું.

ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલએ ઉદગમના કાર્યોની નોધ લઈને બાળકોને ભણીગણીને આગળ વધવા અને સારા નાગરિક બનવા માટે ખુબા બનવાની -રણા આપી હતી. મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ ઉદગમના કાર્યોની માહિતી મેળવીને ગાંધીનગરના વિકાસમાં વંચિત બાળકોએ માટે કામ કરવા બદલ અભિનંદન આપ્યા હતા.બને મહાનુભાવોએ સ્વાગતમા આપેલ નોટ્‌બૂકોને શાળાના ધોરણ-૫ મા -થમ આવનાર વિદ્યાથી અને વિદ્યાર્થીનીને આપી હતી.

ઉદગમ ટ્રસ્ટના મે. ટ્રસ્ટી ડો. મયુર જોશીએ મહાનુભાવોનું તથા સહુ સહયોગીઓનોની સંવેદના સાથે બાળકો માટે કાર્યક્રમમાં સહકાર બદલ આભાર માન્યો હતો. સ્વેટર વિતરણના કાર્યક્રમ માટે કુંદનબેન દવેના આશીર્વાદ અને ઉદગમના ટ્રસ્ટી ધ્રુવભાઈ જોશી, આશાબેન સરવૈયા તથા અંકિત શર્માએ શુભેછા આપી હતી. માનવ અધિકાર દિન નિમીતના ઉમંગ -ોજેક્ટના અંતર્ગતના -યાસોને સફળ બનાવવા માટે મિલન આદેશરા અને સંજય પટેલે તથા શાળાના શિક્ષકોએ ખુબ જેહમત ઉઠાવી હતી.

## હરિની દૃષ્ટિ...




અલી, એવું નથી હું પણ, સફાઈ રોજ જ કરું છું.. રોજ સવારે હું બધા એસ.એમ.એસ. વિડીયો કલીન કર્યા બાદ જ કોલેજ આવું છું...!!

# સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટૂર્નામેન્ટની મેચમાં સામાન્ય વહીવટ વિભાગનો વિજય

સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટૂર્નામેન્ટ-૧૪-૧૫ અંતર્ગત સામાન્ય વહીવટ વિભાગ અને સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ વચ્ચે આજરોજ સેકટર-૨૧, જીમખાના ગ્રાઉન્ડ ખાતે મેચ રમાયેલ, જેમાં સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે ટોસ જીતીને પ્રથમ બેટીંગ લીધેલ. સામાજીક ન્યાય-અધિકારીતા વિભાગે ૨૮.૪ ઓવરમાં ૧૦ વિકેટે ૮૫ રન કરેલ. જેના જવાબમાં સામાન્ય વહીવટ વિભાગની ટીમે ૧૮.૩ ઓવરમાં વીના વિકેટે ૮૬ રન નોંધાવીને વિજય મેળવેલ હતો. આ મેચમાં રમેશ ચૌધરીએ સામાજીક ન્યાય તરફથી રમતા ૨૮ રન કર્યા હતા. સુંદરસિંહ નેગી અને ઘનશ્યામ રાવલે ૩-૩ વિકેટ ઝડપી હતી. જવાબમાં સામાન્ય વહીવટ વતી રમતા લલીત પાડલીયાએ ૩૪ રન, જીતેન્દ્ર વીરપુરાએ ૨૪ રન કર્યા હતા.

# કલોલની કોમર્સ કોલેજ સ્વચ્છતા અભિયાન અંગે કટિબદ્ધ

ગાંધીનગર, તા. ૧૦

સ્વચ્છતા અભિયાનની શરૂઆત મહાત્મા ગાંધીના સમયની દેણ છે જેને તાજેતર ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સમગ્ર દેશમાં તમામ સંસ્થાઓ અને સંકુલોમાં સ્વચ્છતા અભિયાન શરૂ કરવા આહ્‌વાન આપવામાં આવેલ છે.

આ સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત અભિયાનને ગુજરાતમાં પણ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળ વેગવાન પ્રતિસાદ મળી રહ્યો છે. આ જ શ્રૃંખલામાં કલોલ તાલુકા કેળવણી મંડળ, કલોલ દ્વારા પણ તમામ સંસ્થાઓ અને પરીસદમાં આ સ્વચ્છતા અભિયાનને વેગવંતુ બનાવવા તા. ૩-૧૨-૨૦૧૪ના રોજ કલોલ તાલુકા કેળવણી મંડળના મંત્રીઓ પ્રફુલભાઈ તલસાણીયા, સંજયભાઈ શાહ તથા પ્રિ. શંકરસિંહ રાણાના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની મીટીંગ કરવામાં આવી હતી. આ મીટીંગમાં વિદ્યાર્થીઓને સાથે રાખી સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવાય અને ઝુંબેશ સતત ચાલુ રહે તે માટે એક કમિટીની રચના કરીને સમયાંતરે અભિયાન ચલાવવા નક્કી કરવામાં આવ્યું છે.

# આરટીઈ જોગવાઈને લઈને ૧૬ સ્કુલોનું ઉદાસીન વલણ

અમદાવાદ,તા.૧૦

સમાજના નબળા વર્ગના વિદ્યાર્થીઓને ૨૫ ટકા ફરજિયાત પ્રવેશ આપવાના મુદ્દે ઉદાસીનતા દાખવી રહેલી ૧૬ સ્કુલોને ગુજરાત હાઈકોર્ટે નોટીસ ફટકારી હોવાનું જાણવા મળેલ છે. આ મામલામાં હવે ૯મી જાન્યુઆરીના દિવસે વધુ સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. અરજી કરવામાં આવ્યા બાદ કોર્ટે આ સ્કુલો પાસેથી જવાબની માંગ કરી છે. ગુજરાત હાઈકોર્ટની ડિવીઝન બેંચે નોટિસ ફટકાર્યા બાદ આને લઈને ભારે ચર્ચા છે.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટની જોગવાઈ હેઠળ આ નોટિસ આપવામાં આવી છે. કાર્યકારી ચીફ જસ્ટીસ વીએમ સહાય અને જસ્ટીસ આરપી ધોલારીયા દ્વારા સ્કુલો પાસેથી જવાબની માંગ કરી છે. એવું જણાવાયું છે કે, વાર્ષિક ફિ તરીકે સ્કુલો ૫૦ હજારથી ૧.૫૦ લાખ સુધી વસુલ કરી રહી છે. જાગેગા ગુજરાત સંઘર્ષ સમિતિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના આધાર ઉપર આ નોટિસ આપવામાં આવી છે. ૧૬ સ્કુલો દ્વારા આરટીઈ જોગવાઈને અમલી બનાવવા ઉદાસીનતા દાખવી રહી છે. રાજ્ય સરકારે ગયા સપ્તાહમાં જ એફિડેવીટ દાખલ કરીને કહ્યું હતુ કે, અમદાવાદ શહેરમાં ૨ હજાર ગરીબ વિદ્યાર્થીઓને આરટીઈ હેઠળ પ્રવેશ અપાયો છે. કેટલીક સ્કુલો જોગવાઈને પૂર્ણ કરી રહી છે. પરંતુ કેટલીક સ્કુલો એવી છે કે જે જોગવાઈને અમલી બનાવતી નથી. કોર્ટે ૯મી જાન્યુઆરીના દિવસે સુનાવણી કરવાનો નિર્ણય કર્યો છે.

# મહાન શિષ્યોના અતિ મહાન ગુરુઓ!

## વિચારોના મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

(ગતાંકથી આગળ...)

ગુરુભક્તિનો મહિમા ખૂબ ગવાય છે. પરંતુ એની પાછળ પોતાના ગુરુની સરોપરિતાનો ખ્યાલ આવે તો એ ભક્તિની આંખો બંધ બની જાય છે. ગુરુ પ્રત્યે ગર્વથી જોનાર ગુરુનો સૌથી મોટો ઘાતક છે. ગુરુ પ્રત્યે મમત્વથી દોડનાર પરમાત્માનું ધ્યેય ગુમાવે છે. દૃષ્ટિ ગુરુ પર, પરંતુ લક્ષ્ય તો પરમાત્મા હોય - પરમાત્માનું લક્ષ્ય ચૂકાય તો સાધક ગુરુ પાસે અટકી જાય.

ગુરુ સાથેના સંબંધ વિશે એ વિચારાવું જોઇએ કે મનથી ગુરુને પામવાનો પ્રયાસ કરનાર પોતાની સાધનામાં મોટી મુશ્કેલી સર્જે છે. ગુરુની સાથે મન કે મમત્વનો સંબંધ ન હોય. એની સાથે તો આત્માનો સંબંધ હોવો જોઇએ. મનનો સંબંધ વ્યક્તિને બાંધે છે, આત્માનો સંબંધ મુક્તિ આપે છે. મનનો સંબંધ માત્ર વર્તુળની ત્રિજયા આસપાસ ફર્યા કરે છે. આત્માનો સંબંધ કેન્દ્રનો અનુભવ કરાવે છે. મનથી દોડતાં મમતા બંધાશે અને પછી ગુરુ એ મુક્તિનું માધ્યમ બનવાને બદલે મમતાનું બંધન બની જશે. મમત્વનો સંબંધ એક બિંદુ પર સાધકને અટકાવી દેશે. આત્માનો સંબંધ સાધનાના અંતિમ ધ્યેયની સમીપ લઇ જશે.

દેવતા અને દૈત્ય વચ્ચે હંમેશા યુદ્ધ થતું જ રહેતું હોય છે. આજે પણ કોઇ રીતે તેનું પુનરાવર્તન કયાં નથી દેખાતું? દેત્યોના ગુરુ શુક્રાચાર્ય સંજીવની વિદ્યાના જાણકાર હતા. આ વિદ્યા તેમને ભગવાન પાસેથી ઘણા વર્ષોની તપશ્ચર્યાને અંતે પ્રાપ્ત થઇ હતી. આ વિદ્યાનો ઉપયોગ કરીને તેઓ મરેલા દેત્યોને ફરીથી જીવંત કરતા હતા. જો કે દેવતા આ વિદ્યાથી અજાણ હતા. વળી તેમના પાસે અમૃત પણ નહોતું. દેવતાઓએ તેમના ગુરુ બૃહસ્પતિને કહ્યું. બૃહસ્પતિએ તેમના પુત્ર કચને શુક્રાચાર્યના શિષ્ય બનવા કહ્યું, કચે તરત જ પિતાની આજ્ઞાનો અમલ કર્યો અને શુક્રચાર્યના આશ્રમમાં આવી પહોંચ્યા.

તેણે શુક્રાચાર્યને સાષ્ટાંગ પ્રણાય કર્યા અને બોલ્યો 'હે ગુરુદેવ! હું દેવતાના ગુરુ બૃહસ્પતિનો પુત્ર અને આગ્નીરસ ગોત્રનો છું. લોકો મને કચના નામે ઓળખે છે. હું અહીં આપના વિદ્યાર્થી તરીકે આવ્યો છું.' શુક્રાચાર્યે કચને પોતાના શિષ્ય તરીકે રાજીખુશીથી સ્વીકારી લીધો. કચ હંમેશા સૂર્યોદય પહેલા ઊઠી જતો. તે હંમેશાં ગુરુની આજ્ઞામાં જ રહેતો અને ખુબ જ રસપૂર્વક વિદ્યાભ્યાસ કરતો. કોઇ પણ જાતના વિકારોને તે પોતાના મનમાં પ્રવેશવા દેતો નહીં અને ગુરુસેવા અને વિદ્યાભ્યાસમાં જ પોતાનું મન પરોવી રાખતો.

શુક્રાચાર્યને દેવયાની નામે એક સુંદર પુત્રી હતી. તેને કચ પ્રત્યે પ્રેમની લાગણી હતી. તેણે કચને પોતાની લાગણી દર્શાવવા પ્રયત્ન કર્યો પરંતુ કચ હંમેશા પોતાના વિદ્યાભ્યાસમાં જ મશગૂલ રહેતો. કચ પોતાના ખંતિલા સ્વભાવને કારણે ગુરુનો પ્રિય શિષ્ય બની ગયો હતો. દેત્યોથી આ સહન થતું નહીં અને તેઓને કચ પ્રત્યે ખુબ જ ઇર્ષા થઇ હતી. વળી તેમને ડર પણ રહેતો કે જો કચ સંજીવની શીખી લેશે તો તેઓને દેવતાઓને હરાવવાનું મુશ્કેલ બનશે.

એક દિવસ કચ ગોપાલકની સેવા માટે વનમાં ગયો. જેવો સૂર્યાસ્ત થયો કે દેત્યોની શક્તિમાં વધારો થયો. તેઓએ કચ પર હુમલો કર્યો અને તેને મારી નાખ્યો. દેવયાની કચની પ્રતિક્ષા કરતી હતી. તેણે તેના પિતાજીને કહ્યું, 'પિતાજી, કચ હંમેશા સૂર્યાસ્ત પહેલા આશ્રમમાં આવી જાય છે, પરંતુ આજે તેને આવતા મોડું થયું લાગે છે તો તમે જરા તપાસ કરો.' શુક્રાચાર્યે પોતાની દિવ્યદૃષ્ટિથી કચ સાથે શું બન્યું તે જોયું અને તેને જીવિત કર્યો. દેત્યોની ઇર્ષા પહેલા કરતા વધી ગઇ અને તેમણે ફરી કચને મારી નાખવા માટે આયોજન કર્યું. તેમણે કચને મારી નાખ્યો અને તેના શરીરને બાળીને તેની રાખને સુરામાં ભેળવી પોતાના ગુરુને આપી. શુક્રાચાર્યે સુરાપાન કર્યું. કચ આશ્રમે આવ્યો ન હોવાથી દેવયાનીએ ફરીથી પોતાના પિતાજીને કચની ભાળ મેળવવા માટે વિનંતી કરી. શુક્રાચાર્ય પોતાએ અજાણતા કરેલી ભૂલથી અવાક બની ગયા. તેમણે વિચાર્યું 'સુરાપાનથી વ્યક્તિ પોતાની વિવેકશક્તિ ખોઇ બેસે છે અને સારા નરસાનો ભેદ પારખી શકતો નથી.'

શુક્રાચાર્યે વિચાર્યું કે જો પોતે સુરાપાનની અસરમાં ન આવ્યા હોત તો તેઓ પોતાના તપોબળથી કચની રાખને ઓળખી શક્યા હોત. તેથી તેમણે સુરાપાન ન કરવાનો નિયમ ઘડ્યો. તેમણે કચને જીવન આપ્યું પરંતુ કચ શુક્રાચાર્યની હોજરીમાં સૂક્ષ્મ સ્વરૂપે રહ્યો. શુક્રાચાર્યે કચને સંજીવની વિદ્યા શીખવી અને તેને પોતાનું પેટ ચીરીને બહાર આવવા માટે કહ્યું. કચ શુક્રાચાર્યનું પેટ ચીરીને બહાર નિકળ્યો અને સંજીવની વિદ્યાની મદદથી પોતાના ગુરુને સજીવન કર્યા. વિદ્યાભ્યાસના અંતે કચે ગુરુની આજ્ઞા માંગી અને જવા માટે તૈયાર કર્યો. દેવયાનીએ કચને કહ્યું, 'તમે રોકાઇ જાઓ અને મને પરણો.' કચે કહ્યું, 'તું ગુરુપુત્રી હોવાને નાતે મારે માટે બહેન સમાન છે.' દેવયાની કચ પર ક્રોધિત થઇ અને શાપ આપ્યો. 'તે મારા પ્રેમનો દ્રોહ કર્યો છે તેથી તારી વિદ્યા તારા કોઇ કામમાં આવશે નહીં.' કચ જાણતો તો કે તેની વિદ્યા તેને કોઇ જ કામમાં આવવાની નહોતી પરંતુ તેના સમાજને કામમાં આવવાની હતી. તે ઉદાસ થયા વિના ત્યાંથી રવાના થયો. આવી હતી વિદ્યાપ્રીતિ!

ગુરુની આંખ ખોલતી શિષ્યની વાર્તા સાંભળો. અમાસની રાત હતી. સૂર્ય અસ્તાચળે ડૂબી ગયો હતો ને રાતનો અંધકાર ઘેરો થતો હતો. એવા સમયે એક વૃદ્ધ ગુરુ અને તેનો શિષ્ય જંગલમાંથી પસાર થઇ રહ્યા હતા. થોડી વાર પછી ગુરુએ કહ્યું, રાત પડવા માંડી છે. આગળ જતાં રસ્તામાં કોઇ ભય તો નથી ને? આ પ્રશ્ન સાંભળી શિષ્યને નવાઇ લાગી તેને થયું કે સંન્યાસીને વળી ભય શેનો? ભય કયાંક બહાર હોતો નથી. તેના મૂળ તો મનમાં જ હોય છે. તેવામાં ગુરુએ પોતાની ઝોળી શિષ્યને રાખવા આપીને પોતે શૌચ માટે ગયો. તેઓ ગયા ત્યારે ચિંતિત ને ભયભીત હતા. ગુરુ ગયા ને તરત શિષ્યે ઝોળીમાં જોયું તો તેમાં એક સોનાની ઇંટ હતી! હવે તેને ગુરુના ભયનું કારણ મળી ગયું. તેણે એક તરકીબ કરી. સોનાની જગ્યાએ જોળીમાં પથ્થરની એક ઇંટ મુકી દીધી. થોડી વાર પછી ગુરુ પાછા આવ્યા ને તરત ઝોળીમાં હાથમાં લઇને આગળ ચાલવા મંડ્યા. આગળ જતાં વધુ ગાઢ ને નિર્જન જંગલ આવ્યું તેથી ગુરુએ ફરી એ જ પ્રશ્ન પૂછ્યો. તે સાંભળી શિષ્ય હસવા લાગ્યો ને બોલ્યો, આપ હવે નિર્ભય થઇ જાઓ. આપણે હવે ભયમાંથી બહાર આવી ગયા છીએ. આ સાંભળી ગુરુએ આશ્ચર્યભરી નજરે શિષ્ય સામે જોઇને કહ્યું, હજુ વન કયા પુરું થયું છે? શિષ્યે જવાબ આપ્યો કે હજુ વન તો પુરું નથી થયું, પણ ભય ભાગી ગયો છે, કારણ કે તેને હું એક કુવામાં નાખી આવ્યો છું, તે સાંભળી ગુરુએ તરત ઝોળીમાં જોયું તો તેમાં સોનાની જગ્યાએ પથ્થરની ઇંટ રાખી હતી. એક મિનિટ તો એને થયું કે તેનું હૃદય બંધ થઇ જશે. પણ તરત જ તે જાગૃત થઇ ગયા. જાણે કે અમાસની રાત તેમના માટે પૂનમની રાત બની ગઇ. તેમને એક અદ્‌ભૂત સત્ય દેખાતું હતું. તે આનંદિત થઇને નાચવા લાગ્યા ને રાત્રે વનમાં જ સૂઇ ગયા, કારણ કે ત્યારે તો હવે અંધકાર હતો પણ ભય ન હતો.

(સમાપ્ત)